
# સુપ્રભાતમ્

**સુરેશ પ્રા. ભટ્ટ**

ફોન : ૨૩૨૨૬૨૫૧




'મફત' ખાતાંના સરકાર ટેકા કાઢે છે,
તો બેન્કો વધારાના ચાર્જના ઢેકા કાઢે છે!
કાઢસે 'એકા' હવે એન્ટ્રીના ચાર્જના પણ -
ગરીબોની પાસબૂક પર ચેકા કાઢે છે..
(બેન્કોનું વ્યાપારી માનસ)




પુષ્ય નક્ષત્રે!
ખરીદો 'મિનરલ'
પાણીની શીશી!!
(રિવરફ્રંટ વિકાસ)

પાક સીમાએ -
શરમેવ જયતે -
રોજ શહીદી?!
(યોજનાઓનું બૉમ્બાર્ડમેન્ટ)

## ચિંતન

**રાત ગંવાઇ સોય કે દિવસ ગવાયો ખાય । હીરા જનમ અમોલ થા, કૌડી બદલે જાય ॥**

સામાન્યજન અને જ્ઞાની-પ્રબુદ્ધ-જનમાં મોટો તફાવત છે. સામાન્ય માણસ જીવનનું મૂલ્ય-ધ્યેય હેતુ સમજી નથી શકતો - એને કોઇ સાચો સંત કંઇ માર્ગદર્શન આપે તો પણ ખોટાં બાનાં બતાવી પોતાનો બચાવ કરે છે ઇશ્વર-ચિંતન-ભજનનો સમય કાઢવો કયાંથી?

દિવસ આખો કામ-ધંધાની દોડાદોડી ભેટ ભરવાની પ્રવૃત્તિના પરિશ્રમમાં પસાર થઇ જાય છે અને રાત્રે થાક્યા-પાક્યા ઊંઘી જવાનું થાય છે આમાં આત્મચિંતન કે ઇશ્વરભજનનો સમય જ કયાં મળે છે?

આમ હીરા જેવો અમૂલ્ય માનવ જન્મ જે સાધના-તપ દ્વારા બીજાનો પણ ઉદ્ધાર કરી શકવાની તાકાત ધરાવે એવો અમોલ છે. એમાં ભક્તિ-તપ-પાસા પડી કોઇ વિરલા તેને વધારે અમૂલ્ય બનાવી શકે પણ આળશ અને મોહ-માયાની વાસનામાં ક્ષુલ્લક બાબતોમાં આપણે હીરા જેવું અમૂલ્ય જીવન માટી જેવું, કોડીની કિંમતનું વ્યસન-રોગ દ્વારા આ શરીર-આત્મા-જીવન વેડફી નાખીએ છીએ. કબીરજીનો આ દોહો જીવન જાગૃતિનું કામ કરે છે.

## સુવિચાર

- ઓળખું છું એક કટ્ટર શાકાહારી શખ્સને, માણસાઇ એ કાચેકાચી ચાવી ગયો **- અમૃતબિંદુ**
- જીવનમાં કાચ અને પડછાયા જેવા દોસ્ત રાખો કારણ કે કાચ કયારેય ખોટું નહીં બોલે અને પડછાયો કયારેય સાથ નહીં છોડે **- ફેસબુક**
- સારા માણસે સારા દેખાવું પડતું નથી, પણ બૂરા માણસે એ સાબિત કરવું પડે છે કે હું સારો છું **- એસ. ભટ્ટાચાર્ય**
- જીંદગીને એટલી ગંભીરતાથી ન લ્યો કે જીવવાની હળવાશ મહેસૂસ જ ન થાય **- ફાધર વાલેસ**
- આપણે આપણી ભૂલોનાં વકીલ થઇએ છીએ અને બીજાની ભૂલોનાં જજ બની જઇએ છીએ **- નાની પાલખીવાલા**
- દુનિયા મૂર્ખ કહે તેની પરવા ન કરશો... પણ દુર્જન ન કહી જાય તેની કાળજી રાખજો **- ઝેન કથન**
- જો દરેક માણસની આંતરિક ચિંતા એના કપાળ પર લખાયેલી હોત તો, આપણામાં ઇર્ષા જગાડતા કેટલા બધા માણસોની આપણને દયા આવતી હોત- **સંત ઓગસ્ટીન**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આજ આપણાં બાળકો પાઠ-પૂજા-મંત્રો નથી બોલી શકતા. ક્રિયા-નિત્યકર્મમાં સંકોચ થાય છે. સાંસ્કૃતિક પરંપરા જેવા જનોઇ-માળા-ચોટલી અદૃશ્ય છે. જયારે સ્વાધ્યાય અને ગાયત્રી પરિવારના પ્રયત્નોથી ઇતર કોમો પણ હવે હોવ-હવન કરાવતી થઇ છે. પેઢી દર પેઢીના સંસ્કાર-ધર્મ-ધંધામાં શરમ-સંકોચ શેના?!

અબ્રાહ્મ લિંકન પ્રેસીડેન્ટ થયા પછી પ્રથમ વખત ભાષણ આપવા ઊભા થયા. ત્યાં ઇર્ષાળુ-વિરોધ પક્ષના એક નેતા પ્રમુખનું અપમાન કરવા બોલ્યા : મિ. લિંકન, તમારા બાપ-દાદા અમારા પરિવાર માટે જોડા સિવવાનું કામ કરતા હતા. તમને યાદ છે?

લિંકને તરત સ્મિત સાથે જવાબ આપ્યો. મને બરાબર યાદ છે અને એમના સિવેલા જોડા ખૂબ વખણાતા હતા. એ પ્રાણ રેડીને કામ કરતા હતા એની પણ મને ખબર છે. આજે પણ એમના બનાવેલા જોડામાં કંઇક ખરાબી થઇ હોય કે તકલીફ થઇ હોય તો મારી પાસે લાવજો હું એની મરામત જાણું છું મને મારાં પૂર્વજોના કામ-ધંધાનું ગૌરવ છે...

સભા ખંડ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો અને પેલો ઇર્ષાળુ સંસદ સભ્ય શરમનો માર્યો સંકોચ પામી નીચું મોઢું કરી બેસી રહ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગર સાહિત્ય સભાના આમંત્રણને માન આપીને જાણીતા નવલકથાકાર અને નવલિકાકાર જે. આર. જોષીએ (જટાશંકર રતિલાલ જોષી), પાટનગર ગાંધીનગરને આંગણે પધારીને તેમની નવલકથાઓ વિષે - 'સર્જકની કેફિયત'ની રસલ્હાણ પીરસી

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

**સાહિત્ય અવસર સેતુ - 'સર્જકની કેફિયત'**

ગાંધીનગર સાહિત્ય સભાના આમંત્રણને માન આપીને જાણીતા નવલકથાકાર અને નવલિકાકાર જે. આર. જોષીએ (જટાશંકર રતિલાલ જોષી), પાટનગર ગાંધીનગરને આંગણે પધારીને તેમની નવલકથાઓ વિષે - 'સર્જકની કેફિયત'ની રસલ્હાણ પીરસી. આ 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત, તા. ૧૨-૧૦-૨૦૧૪ને રવિવારના રોજ, ગાંધીનગર જીલ્લા પુસ્તકાલય, સે.૨૧ ખાતે અવસરનું મંગલાચરણ સંસ્થાના પ્રમુખ ભરત કવિ 'ઊર્મિલ'ની અધ્યક્ષતામાં, મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા, શબદની સંગિની - વીણાધારીણી મા શારદાની સ્તુતિ વંદનાથી કરવામાં આવ્યું. જેમાં સર્વેએ સાથ પૂરાવ્યો.

અધ્યક્ષ ભરત કવિએ પોતાની આગવી શૈલીમાં; પધારેલ નવલકથાકાર જે. આર. જોષી અને પધારેલ સાહિત્યકારો, મહાનુભાવો, સાહિત્ય રસિકો-ભાવકો અને સભ્યશ્રીઓનું હેતાળવા ઉમળકાથી શાબ્દિક સ્વાગત કરી, મહેમાન જે. આર જોષીનો પરિચય આપ્યો. અને સંસ્થાના ઉપ પ્રમુખ નટવર હેડાઉ દ્વારા જોષીનું પરિમલસભર પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું તથા પૂર્વ પ્રમુખ અને સુવિખ્યાત સાહિત્યકાર દોલત ભટ્ટે પુસ્તક ભેટ આપીને તેમનું સન્માન કર્યું.

ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે આર.સી. હાઇસ્કૂલ કડી કેમ્પસ, ગાંધીનગર ખાતે યોજવામાં આવેલ વિદ્યાર્થીઓની "શીઘ્ર કાવ્યસ્પર્ધા" અંગેની માહિતી પ્રો. ડૉ.સોમભાઇ પટેલ દ્વારા આપવામાં આવી અને આ સ્પર્ધાના પ્રતમ વિજેતા કુ. પૂજા. સી. બારોટ (ઉમા આર્ટ્સ અને નાથીબા મહિલા કોલેજ, કડી કેમ્પસ), સેકટર-૨૩ને તેમનાં શીઘ્ર કાવ્ય 'જીના ચાહતી હૂં' માટે અને દ્વિતીય વિજેતા મિરાજફાતમા આસિફ અલી કરમૂલા (એસ.વી. પીટીસી, ઇંગ્લીશ મિડીયમ કોલેજ) ને તેમનાં શીઘ્રકાવ્ય 'પ્યારી માં' માટે પ્રમાણપત્રો આપવામાં આવ્યાં. અને ત્યારબાદ 'સર્જકની કેફિયત' કાર્યક્રમ શરૂ થયો.

નવલકથાકાર જે. આર. જોશી, અમરેલી જીલ્લાના જાણીતા 'બગસરા'ના એક સાહિત્યકાર અને સિદ્ધહસ્ત નવલકથાકાર છે. તેમનો જન્મ મોટી કુંકાવાવ, જી. અમરેલી ખાતે તા. ૨૪-૧૧-૧૯૪૭ના રોજ થયો હતો. જેઓ સને ૨૦૦૭માં બીએસએનએલમાંથી સીનિયર ઓપરેટર તરીકે નિવૃત્ત થયેલા છે. જેમની પ્રથમ કૃતિ - લઘુકથા ૧૭ જૂન ૧૯૮૪માં 'ફૂલછાબ'માં પ્રકાશિત થયેલ. તેમની ૯ નવલકથાઓ (૧) મૃગતૃષ્ણા (૨) આતમના ઓજસ (૩) બિમ્બ પ્રતિબિંબ (૪) સમણાંનો સંગાથ (૫) ધુમ્મસનું ઘર (૬) સમય રંગ (૭) આખું આકાશ મારી પાંખમાં (૮) સૂની આંખમાં દરિયા અને (૯) સ્નેહ સાગરમાં મોતી પ્રકાશિત થયેલ છે. પૈકી સાત નવભારત પ્રકાશન મંદિર દ્વારા અને બે નવલકથાઓ રન્નાદે પ્રકાશિત કરવામાં આવી છે. તેઓએ નવલકથા ઉપરાંત નવલિકા ક્ષેત્રે પણ માતબર ઉમદા ખેડાણ કરીને સો (૧૦૦) થી નવુ નવલલિકાઓનું ઉપાર્જન કરેલ છે જે જુદાં જુદાં સામયિકોમાં પ્રકાશિત થયેલ છે. બીજી બે નવલકથાઓ અપ્રકાશિત છે જેનું ધારાવાહિકરૂપે રજૂ થયેલ છે. તથા નવલકથા 'આતમના ઓજસ'ને 'મમતા ચંદ્રક' એનાયત થયેલ છે. તથા બગસરાવાસીઓએ હેવન્સ ગ્રુપ દ્વારા તેઓની ષષ્ટિપૂર્તિ ઉજવીને તેમનું બહુમાન કરેલ છે. તેમના શબ્દોમાં કહીએ તો 'જિજ્ઞાસા એ જ શોખ' - આમ વાંચન, સંગીત, નેટ પર મૂકી જોવા, પ્રવાસ, ચિત્રકામ અને બંસીવાદન એ તેમની મનગમતી પ્રવૃતિઓ છે. તેમની છ નલવકથાઓનું રાષ્ટ્રીય અંધજન મંડળ મુંબઇ દ્વારા ધ્વનિ મુદ્રણ થયેલ છે.

'સર્જકની કેફિયત' ની શરૂઆત કરતાં જે. આર. જોષીએ જણાવ્યું કે, 'મારા મતે સર્જનનું કાર્ય બોલતું હોય ત્યારે સર્જકે ચૂપ રહેવું. પરંતુ મને આમંત્રણ આપ્યું છે ત્યારે બોલ્યા સિવાય છૂટકો નથી. સાચું કહું તો પુસ્તકો મારા સંતાનો જેવા છે.'

તેમના મતે યાતનાઓ, દુ:ખ, અંતરની વેદનાઓ વગેરેના અનુભવમાંથી ઘૂંટાઇને આવતી ફીલીંગ્સ જયારે શબ્દદેહ ધારણ કરે છે. ત્યારે સારી કૃતિનો ઉદય થાય છે. વેદનાઓ - સંવેદનાઓ સર્જક બનાવે છે અને પ્રતિભા તેમાંથી આવે છે અને એક પિંડ બંધાય છે. ખરો સર્જક કદાપિ ઉઠાંતરી કરતો નથી અને આમ શીલ એવી શૈલી પ્રગટે છે.

જોશી ઉપર નવલકથા ગુરૂ હયુગોનો વિશેષ પ્રભાવ છે. તેમણે હ્યુગોના જીવનદર્શન અને સાહિત્ય દર્શન વિષે માહિતી આપતાં જણાવ્યું કે, હ્યુગોની સંકલન શક્તિ - ટ્યુનિંગ ગજબ પ્રકારની હતી.

તેમની નવલકથા 'બિંબ-પ્રતિબિંબ' વિષે તેમણે, જણાવ્યું કે આ વાર્તાનો નાયક કવિ આનંદ અધ્વર્યું તેની આર્થિક વિટંબણાઓ અને નોકરી છૂટી જવાને કારણે આત્મહત્યા કરે છે અને તે સમયે મૃત્યુ પામેલ દુષ્ટ ઇન્સાન મયુર રમણિકલાલ પરીખના દેહમાં આનંદનો આત્મા પ્રવેશે છે અને ત્યારબાદ ઊભી થતી નવતર પરિસ્થિતિઓનો સામનો મેધાવી કવિ આનંદનો આત્મા કેવી રીતે સિફ્તતાથી કરે છે એ જ આ નવલકથાનું કથાહાર્દ છે. તેમાં ચમત્કારના મુદ્દાનો ગૌણ બનાવી વાર્તાના પાત્રોની માનવસહજ નબળાઇઓ - સબળાઇઓનું વિરલ પરિસ્થિતિમાં મૂકાયા બાદનું મનુષ્યનું માનવીય વર્તન - વગેરેને સાંગોપાન કરે છે. આમ વાર્તામાં ચમત્કારને બદલે સાહિત્યિક મુદ્દાઓ પર વિશેષ ધ્યાન અપાયું છે. આ નવલકથા બિંબ-પ્રતિબિંબ ઉપરથી ધારાવાહિક સિરીયલ પણ બનનાર છે.

તેમની બીજી નવલકથા 'ધુમ્મસનું ઘર' એ એક સ્ત્રી લક્ષી વાર્તા છે. જેમાં નાયિકા કરૂણાની વીતકકથાનો ચિતાર છે. જ્ઞાન પિપાસા અને સૌંદર્ય (બાહ્ય) બંને એક સાથે રહેતાં નથી અને બહુધા જોવા મળેલી હકીકત છે. પરંતુ કયારેક બાહ્ય સૌંદર્યને પણ માત કરી દે એવું આંતર સૌંદર્ય આપણને સમાજમાં જોવા મળે છે તે કથાનું હાર્દ છે.

નવલકથા 'સ્નેહ સાગરનાં મોતી' ના નાયક દેવદત્ત અને નાયિકા પૂર્ણિમા તથા અન્યપાત્રો સાગર, ક્ષમા વગેરે તેમના ચિત્તાકાશમાં તેમને ગમતા તારલિયા બની રહ્યાં છે. નવલકથા 'આતમનાં ઓજસ' માં મુખ્ય પાત્ર સુનયના જે યુવાન સ્ત્રી છે અને તે વળી અંધ! આવી નારીના હૃદયનાં સ્પંદનો ઝીલીને, સ્ત્રીના મનની - અંત:સ્તલની વાતોને રજૂ કરી છે. આમ સ્ત્રીનાં નયનોનાં ઓજસ કેવા ઝળહળે છે તે આ વાર્તાનું હાર્દ છે.

જે.આર. જોશીએ તેમની લખાયેલ અન્ય નવલકથાઓની કેફિયત ટૂંકમાં રજૂ કરી. તેમણે જણાવ્યું કે, સર્જકે ઉપદેશક ન થવું જોઇએ. ઉત્તમ સાહિત્ય આપોઆપ વાચકોના - લોકોના મલિન આત્માને માંઝીને ઉજાળે છે અને દુર્ભાવના ઓછી કરી દિલમાં સદ્‌ભાવના ઉજાગર કરે છે.

જે. આર. જોષીના આ વક્તવ્યને સર્વેએ માણ્યું, નાણ્યું અને વખાણ્યું.

**કાવ્યસેતુ**

**જીના ચાહતી હૂં**

બેટી બનકર જીના ચાહતી હૂં
માં કી કોખ મેં નો મહિને રચના ચાહતી હૂં
હર સાંસ માં કે સંગ લેના ચાહતી હૂં
માં સે ઈઝાઝત લેકર ઈસ દુનિયા મેં આના ચાહતી હૂં
માં કા આંચલ થામકર ચલના ચાહતી હૂં
મેં બેટી બનકર જીના જાહતી હૂં।
સાલભર બાદ બિના સહોર અપને પેરો પર ચલના ચાહતી હૂં
બચપન કા હર પલ મેં જીના ચાહતી હૂં
વો ગુડિયા ઔર મિટ્ટી કે ખિલૌનો સે ખેલના ચાહતી હૂં
મેં બેટી બનકર જીના ચાહતી હૂં।
પહલી કક્ષા મેં જાતે હુએ
માં કી ઉંગલી થામના ચાહતી હૂં
પહલી પાર લડખડાતે હાથોં મેં
કલમ લેકર અપના નામ લિખના ચાહતીં હૂં
મેં બેટી બનકર જીના ચાહતી હૂં।
સપનોં સે ભરી ઊંડાન ભરના ચાહતી હૂં
હર કામ મેં માં કા હાથ બટાના ચાહતી હૂં
કુછ બનકર માં કો દિખાના ચાહતી હૂં
બેટી હોકર બેટા બનકર દિખાના ચાહતી હૂં
મેં બેટી બનકર જીના ચાહતી હૂં।
હર ખુશી માં કો દેના ચાહતી હૂં
કભી ના ખલને વાલી કમી કો ભર દેના ચાહતી હૂં
મેં બેટી બનકર જીના ચાહતી હૂં।

**- બારોટ પૂજા. સી.**

# ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ એક ફિદાગીરીનો ઇતિહાસ લેખાવી શકાય

## જૂની રંગભૂમિક્ષેત્રે સાબરકાંઠાનું પ્રદાન આપણી વિરાસત

- ભીખુ કવિ

વ્યવસાયી રંગભૂમિનો આશરે દોઢસો વર્ષનો ગાળો રહ્યો જેમાં સાબરકાંઠા જિલ્લાનો સુવર્ણમય ઇતિહાસ ગણાવી શકાય. ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ એક ફિદાગીરીનો ઇતિહાસ લેખાવી શકાય. ફનાગીરીના ઇતિહાસમાં કોઇ એક કોમ નથી. પ્રારંભમાં એના મૂળ પારસીઓએ નાખ્યાં, તે પછી અનેક કોમો એની સાથે જોડાઇ. એમાંય ખાસ કરીને સૌરાષ્ટ્રના ઝાલાવાડી બ્રાહ્મણો, ખંભાતના પાટીદારો, અમદાવાદ અને અન્ય શહેરોના જૈન વણિકો અને ખાસ કરીને ઉત્તર ગુજરાતનો વિચાર કરીએ તો નાયક ભોજક કોમનો (આનર્ત પ્રદેશ) ફાળો નટોની દૃષ્ટિએ વિશેષ રહ્યો છે. એમાં મીર, મારવાડી, મુસલમાન અને ગણતરી કરી શકાય એટલા મહારાષ્ટ્રીયનો અને વોરા સદગૃહસ્થોનો પણ સાથ સહકાર રહ્યો છે.

જૂની રંગભૂમિ ક્ષેત્રે આનર્ત પ્રદેશના કલાકારોનું નોંધપાત્ર યોગદાન રહ્યું છે. જેમાં સાબરકાંઠા, જિલ્લાના જાદર, ભદેસર, પ્રાંતિજ, ઇડર, ઉમેદગઢ, કડિયાદરા, ગોરલ, વસાઇ, કડોલી, કાટવાડ, હાપા, ખેડબ્રહ્મા, નાદરી, વડાલી, કુકડિયા, વક્તાપુર, આંતરોલી વગેરે ગામોના જૂની રંગભૂમિના નટો, સંગીતકારો, વાદ્યકારો, લેખકો, ગીતકારો, દિગ્દર્શકો, નિર્માતાઓએ ગુજરાત અને ગુજરાત બહાર વ્યવસાયી જૂની રંગભૂમિ ક્ષેત્રે હરણફાળ ભરી છે તેની નોંધ અચૂક લેવી જ પડે.

એ વખતે ઇડરમાં મારવાડી સમાજના ચીમન મારવાડીનો સિતારો પણ બૂલંદ હતો. મૂળ બીન રાજસ્થાન પણ વર્ષો પૂર્વે ઇડરના મહારાજાની સેવા તેમણે સ્વીકારી, નગારચી જ્ઞાતિ ધરાવતા મારવાડી સમાજે અભિનયક્ષેત્રે મોહનલાલ મારવાડી, ક્રિષ્ના લાલજી, શ્રી રામજી, રઘુનાથજી મૂળજી, ફતેસિંહ, ભૈયાજી તથા અમૃત મારવાડી જેવા ખ્યાનનામ કલાકારોની ગુજરાતને ભેટ ધરી છે. તો સંગીતક્ષેત્રે પણ મારવાડી સમાજના સંગીતકારોએ આગવી ઓળખ આપી તેમાં રેવાશંકર મારવાડી, પુરૂષોત્તમજી, મોહન લાલાજી (જુનિયર), છેલાજી, પંડિત શિવરામ, ભોમસંગજી, કાશીરામ અને બદ્રી પવાર તથા આનંદકુમાર સી. ફિલ્મોમાં પાર્શ્વ ગાયક તરીકે ખ્યાતિ મેળવી હતી એ મારવાડી સમાજના કલાકારોને ભૂલી શકાય તેમ નથી. ગુજરાત રાજય સંગીત નૃત્ય નાટ્ય અકાદમીએ અભિનય ક્ષેત્રે ૩૧ માર્ચ ૧૯૮૨માં મરણોત્તર પ્રશસ્તિપત્ર અર્પણ કર્યો એવા અમૃતભાઇ મારવાડીના જીવન કવન અને એમની કલાયાત્રા પર પ્રકાશ પાડતી પુસ્તિકા નટવર્ય 'ઇડરનો અમૃત' ચંદ્રકાન્ત મારવાડીએ સંપાદિત કરી અમૃત મારવાડી સ્મૃતિ સમિતિ, ભરત નાટ્યપીઠ, અમદાવાદ દ્વારા ૧૯૮૨માં પ્રગટ થતાં એમની અભિનયયાત્રાનો તલસ્પર્શી પરિચય આપ્યો. આ ઉપરાંત તેમનાં મોટાભાઇ ચીમન મારવાડીએ જૂની રંગભૂમિ ક્ષેત્રે તથા ગુજરાતી ફિલ્મક્ષેત્રે ખૂબ જ મોટું પ્રદાન કર્યું છે.

જૂની રંગભૂમિને આનર્ત પ્રદેશની નાયબ કોમે નીવડેલા કલાધરોની ભેટ ધરી છે. જેવા કે જયશંકર 'સુંદરી', મા. વસંત નાયક, મા. બાપાલાલ નાયક, મા. છગન રોમિયો, પ્રાણસુખ એડીપોલો તથા મા. કેશવલાલ કપાતર વગેરેની લાંબી યાદી બને તેમ છે. પરંતુ ઇડર પ્રદેશના નાયક કોમના અદાકારો આંગળીના વેઢે ગણી શકાય તેટલા છે. જેમાં મા. રામલાલ નાયક, માધવલાલ (ભદ્રેસર), દયાશંકર નાયક, ડુંગરદાસ નાયક, જયશંકર નાયક, (દરામલી), બાબુલાલ નાયક, ભોળાનાથ નાયક, બેચરદાસ નાયક, સુંદરલાલ નાયક (જાદર), વગેરેની નોંધ લેવી ઘટે. આનર્ત પ્રદેશના વિખ્યાત અદાકારોમાં નાયક કોમ વિશે ઘણું બધું લખાયું છે. સાબરકાંઠાના જાદરના દયાશંકર નાયકે ભારત નાટક સમાજ તેમના માધવલાલ અને રામલાલે (ભદ્રેસર) કૃષ્ણ નાટક સમાજ તથા સુંદરલાલ નાયકે 'સૌરભ' 'કલા કેન્દ્ર' ભજવાયેલા નાટકોની યાદ સમગ્ર કલાપ્રેમી જનતાને તાજી છે.

મીર કોમના કલાકારોને પણ સાબરકાંઠાને અગ્રગણ્ય કલાકારોની ભેટ ધરી છે. જેમાં કંડોલીના મા. છનાલાલ ભીખુભાઇ મીરે જૂની રંગભૂમિ અને ગુજરાતી ફિલ્મ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું. આ ઉપરાંત મા. બાલાભાઇ મીર (કવિ), કડિયાદરા), મા. ધીરેન્દ્ર મીર, રમેશ 'કુંવરી', ઉમેશ કવિ, પૃથ્વી મીર, તેજાભાઇ મીર, ભીખુભાઇ મીર, અમૃતભાઇ મીર (વક્તાપુરા), ત્રિકમભાઇ મીર (હાપા), કેશુભાઇ મીર જેવા કલાકારોએ સાબરકાંઠાને ગૌરવાન્વિત કર્યું. જેમ જૂની રંગભૂમિ ક્ષેત્રે જયશંકર 'સુંદરી' રાષ્ટ્રપતિ એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. તેવા મા. કાસમભાઇ મીર 'ડાયરેકટર'ને પણ રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત થયેલ છે. તો હિંમતભાઇ મીર 'દ્રૌપદી' અને દાદુજી મીર આ ઉપરાંત ભીખુભાઇ ઝલુભાઇ મીર જેવા અદાકારોએ પણ જૂની રંગભૂમિ પર યાદગાર પાત્રો ભજવી આગવી ઓળખ ઊભી કરી હતી.

ગુજરાતી રંગભૂમિ 'રિદ્ધિ અને રોનક' પુસ્તકમાં ધીરેન્દ્ર સોમાણીએ ખૂબ જ ઊંડાણપૂર્વક ઝીણવટભરી સંશોધાત્મક માહિતી એકત્ર કરી છે તો 'તખલો બોલે છે' ભાગ-૧ અને ભાગ-૨માં પ્રાગજી ડોસાએ અનેક આધારભૂત પુરાવાઓ સાથે નોંધપાત્ર પુસ્તક આપ્યું છે. આ ક્ષેત્રે દિનકર ભોજકે પ્રકાશિત કરેલ 'ગુજરાતી રંગભૂમિ ગઇ કાલ અને આજ' યાદગાર છે. 'મીઠા ઉજાગરા' માં વિનયકાંત દ્વિવેદીએ યાદગાર ગીતો તથા કલાકારોને શ્રદ્ધાંજલિ આપી છે. 'ગુજરાતી થિયેટરનો ઇતિહાસ' હસમુખ બારાડી તેમજ અદનો કલાકાર મા. છગન રોમિયો દિનકર ભોજક, વિનાયક રાવલ અને અસાઇના સાહિત્ય સભાએ જૂની રંગભૂમિના પુસ્તકો પ્રકાશિત કરી વખતોવખત આ કલાકારોના સંસ્મરણોને વાગોળવાનો પ્રયત્ન કર્યો છે. પદ્મશ્રી દેવેન્દ્ર પટેલ 'કભી કભી' કોલમમાં તથા અમીન કુરેશીએ 'ધરતી કો આકાશ પુકારે' અને દોલત ભટ્ટે 'ધરતીનો ધબકાર' જેવા દૈનિકપત્રોની કોલમમાં જૂની રંગભૂમિ કલાવારસાને અને કલાધરોને રેખાંકિત કર્યા છે.

# જે લોકો દોસ્તીનો દાવો કરતા હોય છે તે સમય આવે ત્યારે આઘાપાછા થઈ જતા હોય છે

## પરોપજીવી સંબંધો
## અક્ષયપાત્ર

- બકુલ દવે

**દોસ્તી કા જો વાદા કિયા કરતે હૈ અહબાબ,**
**વક્ત પડતા હૈ તો સબ આંખ ચુરા લેતે હૈ ।**

***- અકબર ઇલાહાબાદી***

(જે લોકો દોસ્તીનો દાવો કરતા હોય છે તે સમય આવે ત્યારે આઘાપાછા થઇ જતા હોય છે)

માતા, પિતા, ભાઇ અને બહેનો જેવા લોહીના સંબંધો આપણને જન્મથી જ મળી જતા હોય છે. એમાં પસંદગીનો અવકાશ હોતો નથી, પણ કેટલાક સંબંધો એવા હોય છે જે આપણે આપણી મરજીથી અપનાવીએ છીએ. મૈત્રીનો સંબંધ આવો સ્વૈચ્છિક હોય છે. મિત્રતા આપણી ઇચ્છાથી થાય છે તેમ આપણે માનીએ તોપણ એમાં આપણી ઇચ્છા કરતાંય વધુ અનાયાસે થતો સહજ સ્વીકાર મુખ્ય છે. વાસ્તવમાં, હાર્દિક સ્તરે - વિચારોની સમાન ભૂમિકા પર બે વ્યક્તિ લોહચુંબક તરફ લોખંડની જેમ ખેંચાય છે. આ ખેંચાણમાં પરસ્પરની મર્યાદાઓની ગણતરી થતી નથી. એમાં લાભાલાભનું ગણિત કામ કરતું નથી.

પણ ઘણુંખરું આવું જોવા મળતું નથી. જરૂરિયાતના ધોરણે બે જણ નિકટ આવી જાય ને પછી એમની વચ્ચેના સંબંધોને મિત્રતાનું નામ આપે એવું વધુ જોવા મળે છે. આવા સંબંધોમાં પરસ્પરનો લાભ લેવાનું વલણ વધુ હોય છે. આપણી આસપાસ જોઇ શકાય કે લાભ મેળવી શકાય એવી સક્ષમ વ્યક્તિને તકસાધુ લોકો મૈત્રીના નામે, એને ચૂસી લેવા માટે પરોપજીવીની જેમ પોતાનાં મૂળીયાં એની અંદર ઘુસાડતાં હોય છે.

આવા પરોપજીવીઓ દોસ્તીનો દાવો કરતા રહેયા હોય છે, પણ સમય આવે - કશુંક સારું કઇ ઘસાઇ છૂટવાની વાત આવે ત્યારે આઘાપાછા થઇ જાય છે. એમનું મિત્રતાનું મહોતું ઊતરી જતું હોય છે. શત્રુ વિશે ખાતરી હોય છે કે તે સંકટના સમયે સાથ નહીં આપે, પણ જેની પર ભરોસો મૂક્યો હોત તે 'મિત્ર' સમય આવ્યે ચહેરો ફેરવી લે તે બાબત આઘાતજનક બની જતી હોય છે. એ ક્ષણે થાય છે કે 'બ્રુટ્સ યુ ટૂ!' કહેવું પડે એવી મિત્રતામાં કયાં ભૂલ થઇ?

આજે પણ પ્રસ્તુત એવું શેક્સપિયરના 'As you like it' નું એક વાક્ય, 'Most Friendship is Feigning. Most loving merely folly.' (ઘણાંખરા કિસ્સામાં મિત્રતા ઉપરછલ્લો ડોળ હોય છે ને પ્રેમ પણ મોટા ભાગે બનાવટી હોય છે.

માણસની 'સુખ' મેળવવાની ભૂખના કારણે નિ:સ્વાર્થ મિત્રતા દુર્લભ બની ગઇ છે. મિત્રતામાં નિષ્ઠા ન હોય ત્યારે સમય આવે પરસ્પરને સહાયરૂપી બની મિત્રધર્મ નિભાવવાનું વલણ પણ ન જ હોય. મિત્રતાને સરસ બનાવે, તે ઉદાત્ત ભાવનાને પામવા માટે જોઇએ તે વાતાવરણ માણસમાં રહેલા સ્વાર્થે પ્રદૂષિત કરી દીધું છે. ત્યારે કયાંક - કોઇક જગ્યાએ છીપ જેવાં ભોળાં બે હૃદય વચ્ચે ઊછરતાં પાણીદાર મૌક્તિક શી મિત્રતા આંખ અને મનને ઠારે છે. આવી મિત્રતામાં પરસ્પર માટે શ્રેયસ્કર કરી છૂટવાની તત્પરતા હોય છે. કયાંક કશું મનદુ:ખ કે ગેરસમજને સોયની અણી જેટલું સ્થાન નથી. મિત્રતામાં ગેરસમજને લઇને એનોને માનનીય વિધાન કર્યું છે, 'To Understand a misinderstanding is friendship but to have no misunderstanding is the most Understood Friendship.' 'ગેરસમજને દરગુજર કરવી તે મિત્રતા છે પણ સમજદારી મૈત્રી એ છે જેમાં ગેરસમજને સ્થાન જ ન હોય.'

**છેવટે એક ફિલ્મનો સંવાદ :**

"હમ કોઇ કાંચ કે ગિલાસ નહીં હૈ, જો ગિરેંગે ઔર તૂટ જાયેંગે, હમ તો દોસ્ત હૈ મેરે યાર, પહલે એક-દૂસરોં કી નજરો કે ગિરેંગે ઓર આહિસ્તા આહિસ્તા તૂટ જાયેંગે."